## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આમ મારે બ્રિક સંમેલન સાથે કોઇ લેવા દેવા નથી તો પણ મારા પર બ્રીક પડી...બોલ...!!

# નશો કરેલા યુવકે અકસ્માત સર્જયો

## ફુટપાથ કુદીને કાર વાસણ ઘસી રહેલી શ્રમિક મહિલાને ટકરાઈ, મહિલાને બંન્ને પગે ફ્રેકચર થતા સારવાર હેઠળ,

ગાંધીનગર, તા.૨૨

આલમપુર થી નીકળેલા યુવકે ચિલોડા ખાતે મિત્રો સાથે દારૂની મહેફીલ માણી હતી. ત્યારબાદ ગાંધીનગર ગાડી લઈને આવ્યો હતો.

તે સમયે શહેરના ઘ-૨ થી ઘ-૩ તરફ જતા માર્ગ પર અચાનક ગઈકાલ રાત્રીના સમયે અરટીગા કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ફુટપાથ કુદીને કાર તાર ફ્રેન્સીંગ તોડી મહિલાના પગ કચડી નાંખી ઝાડને ટકરાઈ હતી. જયારે કાર ચાલક નશામાં ધુત હોવાનું લોકમુખે ચર્ચાતુ હતું. જયારે કારમાંથી પ્લાસ્ટીકના ગ્લાસ અને નાસ્તાના પેકેટ પણ મળી આવ્યા હતા. જયારે કારની અંદર પોલીસ લખેલી પ્લેટ પણ મળી આવી હતી. જયારે ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલીક સારવાર માટે ખસેડાઈ હતી. મહિલાને બંન્ને પગે અને થાપાના ભાગે ફ્રેકચર હોવાનું નિદાન થયું છે. બનાવ અંગે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.






મળતી વિગત મુજબગાંધીનગર શહેરમાં પણ ઈસ્કોન બ્રીજ જેવી ઘટના બનતા રહી ગઈ છે.

શહેરમાં રોકેટગતિએ ચાલકો વાહનો હંકારી નાના મોટા અકસ્માત સર્જે છે. ત્યારે ગઈકાલે મોડીરાત્રે ઘ-૨ થી ઘ-૩ તરફ જતા માર્ગ પર પુરઝડપે પસાર થઈ રહેલી મારૂતિ અર્ટીકા કાર નં. જી.જે.૧૮.બી.એફ.૬૭૪૧ ના ચાલકે સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવતા કાર ફુટપાથ કુદી જઈને વન વિભાગની ફ્રેન્સીંગ તોડી અંદર વાસણ ઘસી રહેલી શ્રમિક મહિલા લીલાબેન તાવીયાડના પગ પરથી પસાર થઈ લીમડાના ઝાડ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા પ્રમાણે ચાલક દારૂના નશામાં ધુત હતો.જયારે કારમાંથી પ્લાસ્ટીકના ગ્લાસ અને નાસ્તાને પેકેટ મળી આવ્યા હતા. જયારે કાર ચાલકને નાગરીકો પકડી રાખ્યો હતો. નાગરીકોએ સેકટર-૭ પોલીસને બોલાવી હતી. જયારે કારમાં પોલીસનું બોર્ડ લગાવેલુ હતું. પોલીસે કાર ચાલક શખ્સનુ નામ પુછતા દિલેર ટીંકુ સિંહ પરમાર બ્લોક નં.૭૭-૪ જ ટાઈપ ખાતે રહેતો હોવાનું જણાવ્યું હતું.જયારે યુવકે પોતાના મામા પોલીસ વિભાગમાં છે અને કાર તેમની હોવાનું જણાવ્યું હતું.

યુવક કાર લઈને આલમપુર થી નીકળ્યો હતો અને ચિલોડા ખાતે મિત્રો સાથે દારૂની પાર્ટી કરી ગાડી લઈ ગાંધીનગર આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજયના ડીજીપીએ પત્ર લખીને તાકીદ કરી છે કે પોલીસ કર્મચારીઓએ કારમાં પોલીસ લખેલા બોર્ડ નહી રાખવા, બ્લેક કાચ નહી રાખવા, કારને નંબર પ્લેટ ફરજીયાત લગાવવી, અને હેલ્મેટ પહેરવા સુચના આપી છે. તેમ છતા પોલીસ જવાનો નિયમોનું પાલન ક્યારે કરે છે તે જોવુ રહ્યું..?

## IAR, ગાંધીનગર ખાતે ફૂડ પ્લાનેટ હેલ્થ અવરેનેસ વેબીનારનું આયોજન થયુ હતું.



ગાંધીનગર, તા.૨૨

ઈંસ્ટિટ્યુટ ઓફ એડવંસ્ડ રીસર્ચ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન સંસ્થાના એન.એસ.એસ. યુનિટ અને વેગન આઉટરીચના સહયોગથી ફૂડ પ્લાનેટ હેલ્થ અવરેનેસ વેબીનારનું આયોજન કરેલું.

વેબિનારના આમંત્રિત વક્તા ભારતના વેગન આઉટરીચ કોર્ડીનેટર શ્રીમતી નીજા દ્વારા વક્તવ્ય અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેનો હેતુ પ્રાણીઓ, પર્યાવરણ અને જાહેર આરોગ્ય પર ખોરાકની પસંદગી નીઉંડી અસર વિશે જાગૃતિ લાવવાનો છે.

આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. કાર્યકારી રજીસ્ટ્રાર શ્રીમતી તેજલબેન શુક્લા ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ કોર્ડિનેટેર શ્રી અવિનાશભાઈ પટેલ અને એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. કેવલ ગાંધી દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન થયેલું.

## ગાંધીનગર જિલ્લાના ટી.ડી.ઓ. માટે તાલુકામાં સરકારી મકાન ઉભા કરાશે

ગાંધીનગર, તા.૨૨

રાજય સરકારની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓ માટે સરકારી રહેણાંક મકાનો ઉપ્લબ્ધ નથી. સરકારી મકાન માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી ખુબ જ લાંબી છે. મકાન માટે હજ્જારોનું વેઈટીંગ બતાવે છે.જેથી કેટલાક કર્મચારીઓ ભાડે અથવા અપડાઉન કરે છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી અને તાલુક વિકાસ અધિકારીઓ માટે નવા નિવાસ સ્થાન બનાવવા માટે મંજુરી આપવામાં આવી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલ, માસણા અને દહેગામ ખાતે સરકારી નવીન આવાસ ઉભા કરવામાં આવે તો તાલુકા વિકાસ અધિકારીઓને લાભ મળી શકે છે. ગાંધીનગરમાં ડીડીઓને મોટું સરકારી મકાન ફાળવવામાં આવ્યું છે.જયારે ટીડીઓને પણ સરકારી મકાન મળી શકે છે. રાજયના વિકાસ કમિશનરની કચેરી દ્વારા રાજયના તમામ ડીડીઓ અને ટીડીઓ માટે નવા સરકારી મકાન બનાવવા માટે સુચિત કરવામાં આવ્યા છે. આ યોજના અમલી કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૧૦ કરોડની પ્રાથમિક ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ ગાંધીનગર પંચાયત કચેરીને ઉપરોકત ઠરાવની નકલ મળી નથી. પરંતુ યોજનાનો લાભ તો ગાંધીનગરને પણ મળશે. ત્યારે દહેગામ, કલોલ અને માણસા તાલુક વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા અધિકારીઓ માટે સરકારી મકાનની વ્યવસ્થા નથી. ત્યારે આ યોજના હેઠળ ત્રણેય તાલુકાના તાલુકા વિકાસ અધિકારી માટે રહેવા માટે નવીન રહેણાંક મકાનની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. ઉલ્લેખયનીય છે કે પંચાયત અને મહેસુલ સહિતના વિભાગમાં અધિકારીઓને ઘર માટેની જમીન ફાળવવાની માંગણી




ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ ખાતે પીક અવર્સ સમય દરમ્યાન વાહન ટ્રાફીકની વિકરાળ સમસ્યાને નાથવા ખુદ પોલીસ વડા જાતે સર્કલ ઉપર સતત ચાર દિવસથી ખડેપગે તૈનાત રહે છે. આજે પણ ટ્રાફિક નિયમન સાથે વાહન ચાલકોને વધુમાં વધુ સરળતા રહે તે અનુસાર જરુરી બેરીકેટીગ કરી ટ્રાફિક પોલીસ દ્વારા બિલકુલ સરળ અને સુચારુ રીતે ટ્રાફિક નિયમન કામગીરી કરવામા આવેલ

## હમ ફિટ તો ઈન્ડિયા ફિટ વિજય સાથે નેશનલ સ્પોર્ટસ ડે ની સાપ્તાહિક ઉજવણી



ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર રાષ્ટ્રમાં ૨૯ ઓગષ્ટ હોકી રમતના જાદુગર તરીકે ઓળખાતા એવા મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવે છે.

જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રમતગમત મંત્રી હર્ષ સંઘવીના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં રાજ્યમાં સ્પોર્ટ સપ્તાહનું આયોજન કરવા માટે માર્ગદર્શન આપેલ છે જે સ્પર્ધાઓ તા. ૨૧-૮-૨૩ થી ૨૯-૮-૨૩ સુધી રહેશે. જેના ઉપ્લક્ષમાં સમગ્ર ગુજરાતમાં હમ ફિટ તો ઈન્ડિયા ફિટ વિજય સાથે નેશનલ સ્પોર્ટસ ડે ની સાપ્તાહિક ઉજવણીનું આયોજન સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ આર.એસ. નીનામા તેમજ સચિવ આર.ડી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ ખૂબ જ ઉત્સાહપૂર્વક ચાલી રહ્યું છે.

જેમાં ગાંધીનગરના જીલ્લા રમત વિકાસ અધિકારી કૌશિક પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ચાલતી ઈન સ્કૂલ તથા ડી.એલ.એસ.એસ. શાળાઓમાં પણ સ્પોટ્ર્સ સપ્તાહ આયોજન કરવામાં આવી રહ્યું છે

જેમાં ગઈકાલે વિવિધ સ્પર્ધાઓ ૩૦ મીટર, ૫૦ મીટર તથા ૧૦૦ મીટર ઈવેન્ટનું આયોજન શાળાઓમાં કરવામાં આવ્યું જેમાં અંદાજે ૨૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## તિબેટ સરકારના સાંસદ ડેલીગેશન ગાંધીનગરની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે કમલા નર્સિંગ કોલેજ અને અનંતા નર્સિંગ કોલેજમાં 'તિબેટના ભૂતકાળ અને ભવિષ્ય' વિષય પર યોજાયેલા સંવાદમાં તિબેટીયન સાંસદના બે સભ્યોએ દોર્જી સસ્તેન કહ્યું હતુ કે, ભારતની સલામતી માટે ચીનના કબ્જામાંથી તિબેટને મુક્ત કરાવવું અનિવાર્ય છે. ચીનની સામ્રાજ્યવાદી નીતિ અને વિસ્તારવાદી નીતિથી એશિયાના બધા જ દેશો પરેશાન છે.

આ કાર્યક્રમમાં હાજર તીબેટના સંસદ સભ્યો સેરિંગલામો અને દોરોજીને જણાવ્યું હતુ કે, ભારતની સલામતી માટે પણ તિબેટને ચીનને કબ્જામાંથી મુક્ત કરાવવું અનિવાર્ય છે. વર્તમાન પરિસ્થિતિમાં તિબેટમાં ચીનનો મુકાબલો કરવો એક પડકાર છે. ચીનના લશ્કરને કારણે ત્યાં લોકો વિરોધ કરતા ડરે છે. ચીનને કારણે તિબેટની ભાષા. સંસ્કૃતિ અને ઓળખ ખતમ રહી છે. પરિવારો અલગ થઈ ગયા છે. વિખુટા પડેલા લોકોનું પરિવાર સાથે મિલન થઈ શકતું નથી. બાળકોને બુદ્ધ ધર્મના પરિચયથી વંચિત રાખવામાં આવે છે. આ ઉપરાંત તેઓને માતા-પિતાથી દુર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને તેમના વિષયની પસંદગી સાથે




તિબેટની ભાષા, સંસ્કૃતિ અને ઈતિહાસ શીખવાની મંજૂરી નથી. ચીન દ્વારા તિબેટના પર્યાવરણ અને કુદરતી સંપત્તિનો વિનાશ અને માનવ અધિકારીઓનું ઉલ્લંઘન કરવામાં આવે છે. સતલુજ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓનું ઉદ્ભવ સ્થાન છે. જેના પર દક્ષિણના દેશો નિર્ભર છે.

અમે દલાઈ લામાએ બતાવેલા અહિંસાના રસ્તા પર ચાલીને તિબેટની સ્વતંત્રતા માટે લડત આપવાનુ ચાલુ રાખીને એક દિવસ તિબેટ આઝાદ આશાવાદ વ્યક્ત કર્યો હતો

કોર ગ્રુપ ઓફ તિબેટ કોઝના સંયોજક ડો.અમિત જ્યોતિકર એ જણાવ્યું હતું કે, તિબેટ સાથે ભારતના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સુરક્ષાના સંબંધો છે. જેના ભૌગોલિક મહત્વને સમકાલીન સમય પર અસર કરે છે.

તિબેટ અલગ દેશ હોત તો ચીન અને ભારત વચ્ચે સરહદ વિવાદ જ ના હોત. તિબેટ પર ચીને જો પોતાનો કબ્જો ના જમાવ્યો હોત તો આજે ભારત અને ચીન વચ્ચે સરહદની સમસ્યા જ ના હોત. ચીને કબ્જો કર્યો તે પહેલા ભારત અને ચીન વચ્ચે તિબેટ બફર ઝોન તરીકે કામ કરતુ હતુ.ચીનની વિસ્તારવાદી નીતિના સમયેકેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ બાદ આજે ભારતની ગરિમા એક માન બિંદુ સુધી પહોંચી છે.

## સત્યાગ્રહ છાવણી ખાતે ઓબીસી સમાજ દ્વારા સ્વાભિમાન ધરણાંનો કાર્યક્રમ

### ૮૨% વસ્તી ને દર વર્ષ બોર્ડ નિગમ મા ૧૬૬ કરોડ ની ફાળવણી અને ૧૮% વસ્તી ને ૫૦૦ કરોડ ની ફાળવણી, આવો ભેદભાવ કેમ ? : અમિત ચાવડા

ગાંધીનગર, તા.૨૨

આજ રોજ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજેલ સ્વાભિમાન ધરણા જે બિન રાજકિય આયોજન ઓજસ - ઓબીસી જન અધિકાર સમિતિ દ્વારા યોજવામા આવેલ. જેમા ઓબીસી સમાજના તમામ સમાજિક અને ધાર્મિક આગેવાનો હાજર રહ્યા હતા જેમાં મુખ્યત્વે આંદોલનનો પાયો નાખનાર અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, અર્જુનભાઈ મોઢવાડિયા, સેવાદળના ચેરમેન લાલજીભાઈ દેસાઈ, સાથે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીએ, તમામ નેતાગણ અને હજારો લોકો સમગ્ર ગુજરાતમાંથી હાજર રહ્યા હતા. આજના સ્વાભિમાન ધરણામા અમિતભાઈ ચાવડા એ જણાવ્યું હતુ કે ગુજરાત માં ૮૨% વસ્તી ધરાવતા OBC, ST, SC, Minority સમાજ ને પોતાના હક અધિકાર માટે ધરણા કરવા પડે એજ બતાવે છે કે ડબલ એન્જીન સરકારમાં ખુબ જ અન્યાય થઈ રહ્યો છે.અમે સરકારમાં બેઠેલા ઓ.બી.સી




સમાજના નેતાઓને પણ આ ધરણામાં અવવાનુ આમંત્રણ આપેલુ પણ કોઈજ આવ્યા નહિ. સમાજ ની અવગણના કરી ને તેઓ તેમના પક્ષ ના આદેશ મુજબ હાજર રહયા નહિ. અમે સરકારના નેતાઓ અને મંત્રીઓ ને કેહવા માંગીએ છીએ કે જે સમાજે તમને આ સ્થાન પર બેસાડ્યા છે, જે સમાજના લિધે તમે ચૂંટાયા છો એ સમાજને જ્યારે તમારી જરુરિયાત હોઈ ત્યારે તમારે પણ સમાજ માટેની લડાઈમા મંચ પર આવવુ જોઈએ. આવા સમયમાં જયારે ૭૧૨૦ ગ્રામ પંચાયતો, ૭૫ નગરપાલિકા, ૨ જિલ્લા પંચાયત, ૨૦ તાલુકા પંચાયતની ચૂંટણી થઈ શકી નથી અને ત્યાં વહીવટદારોનુ શાસન ચાલે છે ત્યારે સૌના વતી અમે આ ચાર માંગો સરકાર સમક્ષ મુકવા માંગીએ છીએ.

૧. જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવે.

૨. સરકાર ઝવેરી આયોગનો રીપોર્ટ પ્રસિદ્ધ કરે અને તમામ સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓ માં ઓબીસી સમાજને ૨૭% અનામત આપવામાં આવે.

૩. રાજ્ય સરકારના બજેટમાં ઓબીસી સમાજ માટે ૨૭% રકમની અલગથી ફાળવણી કરવામાં આવે અને એસ.ટી. એસ.સી. સબપ્લાનની જેમ ઓબીસી સબપ્લાન કમિટીઓ દરેક સ્તરે બનાવવા માં આવે.

૪. સહકારી સંસ્થાઓમાં એસ.ટી, એસ.સી., ઓબીસી, લઘુમતી સમાજ માટે અનામત લાગુ કરવામાં આવે. આ સ્વાભિમાન ધરણામાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિ રહ્યા હતા.

## ગુજરાત વિદ્યાપીઠ, સાદરાનો દીક્ષારંભ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૨૨

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના નવા વિદ્યાર્થીઓ માટે દીક્ષારંભ કાર્યક્રમ- ૨૦૨૩નું આયોજન તા. ૨૨/૦૮/૨૦૨૩થી ૨૪/૦૮/૨૦૨૩ સુધી કરવામાં આવ્યું છે. જેના ઉદ્ઘાટન કાર્યક્રમ તા. ૨૨/૦૮/૨૦૨૩, મંગળવાર, સવારે ૧૦:૦૦ વાગે યોજવામાં આવ્યું હતું .જેમાં મુખ્ય અતિથિશ્રી તરીકે પ્રો. હર્ષદભાઈ પટેલ, કુલપતિશ્રી, આઈ. આઈ. ટી. ઈ. યુનિવર્સિટી, ગાંધીનગર અને મંત્રીશ્રી અને સભ્યશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટી મંડળ હાજર રહ્યા હતા. કાર્યક્રમ અધ્યક્ષશ્રી પ્રો. ભરત જોષી, કા. કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન પ્રો. જગદીશચંદ્ર સાવલિયા ડીનશ્રી, શારીરિક શિક્ષણ અને



રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા દ્વારા આપવામાં આવ્યું હતું. દીપ પ્રાગટય અતિથિશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સુતની માલા થી સ્વાગત ક્રમશઃ તૃક્ષા ગોસ્વામી, મિલન રાવલ, આલોક પાસવાન, હર્ષ પટેલ અને મહેશ ઝાપડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંપૂણ સંચાલન ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આભાર વિધિ ડૉ. નિમેશ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી

### ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા

## ૭ દિવસ માટે બેઝિક અને એડવાન્સ શિબિર (સ્કાઉટ અને ગાઈડ કોર્સ)નું ઉદ્ઘાટન

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી અને શિક્ષક ગણ તેમજ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી અને શિક્ષકગણ માટે ૭ દિવસ માટે બેઝિક સ્કાઉટ અને ગાઈડ કોર્સ નું ઉદ્ઘાટન ગાંધીનગર ડાયટ ૠઇ઼ સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું. બેઝિક અને એડવાન્સ શિબિર કેમ્પના ઉદ્ઘાટન પ્રસાંગે જસવંતભાઈ પટેલ ચેરમેન શ્રી સ્ટેન્ડિંગ કમિટી ગાંધીનગર મહાનગરપાલિકા, જોશી પૂર્વ નિયામક જી.સી.ઈ.આર.ટી અને ડાયરેક્ટરશ્રી ચિલ્ડ્રન યુનિવર્સિટી તેમજ સ્વાતિબેન રાઓલ સંકલન અધિકારી અને ઈન્ચાર્જ મદદનીશ શિક્ષણ નિયામક ભરતી કમિશનર શાળાઓની કચેરી ખાસ ઉપસ્થિત રહ્યા.કાર્યક્રમ મા યુવરાજસિંહજી વાઘેલા, સ્કાઉટ કમિશનરે મહેમાન નુ સ્કર્ફ્ફ પહેરવી ને સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે માનસિંગભાઈ ચૌધરી ચીફ ટ્રેનર અને તેમની ટીમ ગુજરાત રાજ્ય સ્કાઉટ ગાઈડ સંઘ,જિલ્લા ચીફ કમિશનર ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ ના ચીફ કમિશનર રતિલાલ જોશી સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા મહામંત્રી અંજનાબેન ચૌધરી ગાઈડ ટ્રેનર એકતા સિંઘ દ્વારા ઉપસ્થિત રહીને કેમ્પનુ આયોજન અને



સફળ સંચાલન કરવામાં આવ્યું.તેમજ જરૂરી સાહિત્ય નુ વિતરણ કરવામાં આવ્યું તેમજ સ્કાઉટ ગાઈડ ના નિયમોની જાણકારી અને તાલીમ આપવામાં આવી. ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા બેઝિક અને એડવાન્સ કોર્સ નુ ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું. આજના ઉદ્ઘાટન કાર્યક્રમ પ્રસંગે સ્કાઉટ ધ્વજ વંદન કાર્યક્રમ કરવામાં આવ્યો.

## બા શ્રી ચંચળબા પ્રાથમિક વિદ્યામંદિર કોલવડામાં રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

બા શ્રી ચંચળબા પ્રતાપસિંહજી વાઘેલા પ્રાથમિક વિદ્યામદિર કોલવડા ખાતે રાખડી બનાવવાની અને રાખડી દોરવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં ધોરણ ૩ થી ૮ ના લગભગ સવા સો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બધા જ વિદ્યાર્થીઓએ પોતાની આવડત તેમજ કલાથી રાખડી દોરી હતી અને બનાવી હતી. ધોરણ ૩ થી ૫ માં શાળાના જ શિક્ષિકા વાઘેલા ચેતનાબેન અને વાઘેલા ગાયત્રીબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી અને તેમણે પ્રથમ નંબર ચાવડા માહિ જયદીપસિંહ, દ્વિતિય નંબર રબારી કાવ્યાબેન ઈશ્વરભાઈ, તૃતિય નંબર પંચાલ હનિ રોહિતભાઈ અને દરજી હિનલ દિલિપકુમાર તેમજ ધોરણ ૬ થી ૮ માં શાળાના જ શિક્ષિકા વાઘેલા એકતાબા અને સાધુ અને ઉર્મિલાબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી અને તેમણે પ્રથમ નંબર ઠાકોર માહી ટીનાજી, દ્વિતિય નંબર ઠાકોર દિયા ટીનાજી, તૃતિય નંબર વાઘેલા ક્રિશ ગજેન્દ્રસિંહને જાહેર કર્યા હતા.

**નામ બદલેલ છે**

મારું નામ સુશીલા પ્રેમકુમાર મહેશ્વરી હતું તે બદલીને સુશીલાબેન પ્રેમકુમાર મહેશ્વરી કરેલ છે.

લી.
સુશીલાબેન પ્રેમકુમાર મહેશ્વરી
૩/૩૫૬, અંબિકા પ્લોટ,
લક્ષ્મણ ટેકરી મંદિર,
માનસરોવર રોડ,
પાલનપુર-૩૮૫૦૦૧